સામયિક મૂલ્યાંકન કસોટી

ધોરણઃ 7 | વિજ્ઞાન | ઓક્ટોબર, 2020

સમય - 1 કલાક | કુલ ગુણઃ 25

---

**અ.નિ.** **પદાર્થ અને સજીવોને તેમના ગુણધર્મો, રચના અને કાર્યના આધારે જુદા પાડે છે.**

પ્રશ્ન-1 નીચેની લાક્ષણિક્તાને આધારે નીચેના વિધાનોને એસિડ, બેઇઝ કે તટસ્થ પદાર્થોમાં જુદા પાડો. (5)

1. તે હળદરપત્રને લાલ બનાવે છે.
2. તે ફિનોલ્ફ્થેલીન સાથે ગુલાબી રંગ આપે છે.
3. તે જાસુદપત્રને ઘેરા ગુલાબી(મેજન્ટા) રંગનો બનાવે છે.
4. તે લીટમસ પત્ર સાથે કોઈ રંગ પરિવર્તન આપતું નથી.
5. તે સ્પર્શે ચીકણા હોય છે.

**અ.નિ.** **પ્રક્રિયા અને ઘટનાને કારણો સાથે જોડે છે.**

પ્રશ્ન -2 નીચેનાં વિધાનો માટે કારણો આપો.

**1.** પેંગ્વિન ધ્રુવ પ્રદેશમાં સરળતાથી જીવી શકે છે. (2)

**2.** ઉનાળામાં પવનની દિશા દરિયાથી જમીન તરફની હોય છે (2)

**3.** કાગળના ડૂચાને ખાલી બોટલના મુખ પર મૂકી બોટલના મુખ પરથી બોટલની અંદર તરફ ફૂંક મારતાં કાગળનો ડૂચો બોટલની બહાર તરફ ફેંકાય છે. **(1)**

**અ.નિ.** **શીખેલા વૈજ્ઞાનિક ખ્યાલોને રોજીંદા જીવનમાં લાગુ પાડે છે.**

પ્રશ્ન -3 નીચેના પ્રશ્નોના માગ્યા મુજબ જવાબ આપો.

1. તમારી સાઈકલમાં ક્ષારણ અટકાવવા તમે કેવાં પગલાં લેશો? (2)

2 તમારા ગામ કે શહેરમાં ચક્રવાત ચાલી રહ્યો હોય ત્યારે તમારા પડોશીને તમે કઈ રીતે મદદ કરશો? (3)


**અ.નિ.** **પ્રક્રિયા અને ઘટનાને સમજાવે છે.**

પ્રશ્ન- 4 નીચેની પ્રક્રિયા/ઘટનાને સમજાવો.

1. કોપર સલ્ફેટના વાદળી રંગના દ્રાવણમાં લોખંડની બે થી ત્રણ ખીલી મૂકી 15 થી 20 મિનિટ બાદ અવલોકન કરતા દ્રાવણનો રંગ લીલાશ પડતો થઇ જાય છે. (2)
2. હવામાન અને આબોહવા વચ્ચેનો મૂળભૂત તફાવત આપો. (2)
3. મેગ્નેશિયમ ઓક્સાઈડનાં પાણી સાથેના દ્રાવણમાં લાલ લીટમસ પત્ર નાખતા તે ભૂરું બને છે. (1)

**અ.નિ.** **પોતાની આસપાસમાંથી મળી આવતી વસ્તુઓનો ઉપયોગ કરી નમૂનાઓનું નિર્માણ કરે છે અને તેની કાર્યપદ્ધતિનું વર્ણન કરે છે.**

પ્રશ્ન-5 (અ) તમારી આસપાસ મળી આવતી વસ્તુઓ કે પદાર્થમાંથી નીચે દર્શાવેલ સાધન કેવી રીતે બનાવશો તે વણર્વો. (3)



પ્રશ્ન- 5 (બ) તમારી આસપાસ મળી આવતી વસ્તુઓ કે પદાર્થમાંથી હળદર પત્ર કેવી રીતે બનાવશો તે વર્ણવો. (2)